# બુદ્ધિપ્રભા



> હે પ્રાણી ! કલ્યાણનાં સાધનો તારી પાસે છે છતાં તારું કલ્યાણ નહીં કરે તો ઈશ્વરનો વાંક કાઢીશ નહીં. પણ તારી ખરાબ મતિનો વાંક કાઢજે યા અજ્ઞાન મનનો દોષ દેજે.
>
> —શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીજી.



**સંસ્થાપક** : પ્રશાન્તમૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજીના સાનિધ્યમાં પન્યાસપ્રવર શ્રી મહોદય સાગરજી ગણિવર્ય

## ખાસ સુચના

વાર્ષિક ગ્રાહકોનું લવાજમ દીવાળી અંક ૧૨ મીએ પુરૂં થાય છે. જેઓનું લવાજમ હજુ પણ બાકી છે તેઓએ તુરતજ તે મોકલી આપવું. આપનો પત્ર નહિ આવે તો આપને ગ્રાહક તરીકે ચાલુ ગણવામાં આવશે અને જેમનું લવાજમ હજુ પણ બાકી છે તેઓનો કોઇ પત્ર કે લવાજમ જાન્યુઆરીની આખર સુધીમાં નહિ આવે તો આવતો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે.

---

## એક ખુશખબર

પ્રથમ વરસમાં થયેલા "બુદ્ધિપ્રભાના"ના તમામ ૧-૨-૩-૫ વરસના ગ્રાહકોને સુંદર ને આકર્ષક ફોટાવાળું એક ભેટ પુસ્તક ટૂંક સમયમાંજ આપવામાં આવનાર છે.

**નીચેની વિગતો જેની આવી ગઇ હશે તેઓને જ તેનો લાભ મળશે**

(૧) જેટલા વરસના તમે ગ્રાહક હો તેટલા વરસનું લવાજમ ભરપાઈ થઇ ગયું હશે અને

(૨) આ ચાલુ વરસે પણ ગ્રાહક સભ્ય તરીકે આપનું નામ ચાલુ રહેશે, તેમજ

(૩) આ ચાલુ વરસનું લવાજમ પણ કાર્યાલયમાં મોકલી દીધું હશે.

તો આપ ઉપરની વિગતો સત્વરે ચોક્કસ કરી દર્શનીય, સચિત્ર ને આકર્ષક એવું ભેટ પુસ્તક અચૂક મેળવો.

---

## આ અંકનું શબ્દ સ્થાપત્ય


(૧) ચિંતન કણીકાઓ....

(૨) જબ ચીડીયા ચુગ ગઇ ખેત (તંત્રીલેખ)....

(૩) સમસ્યાનો ઉકેલ....

(૪) મૃત્યુના ઓવારેથી....

(૫) ગરીબાઇની દાઝ....

(૬) મૈત્રીનું માધુર્ય....

(૭) સિતારોંસે આગે....

(૮) પુણ્યોત્સવના સંસ્મરણો....

(૯) શાસન સમાચાર


## આ અંકના શબ્દ શિલ્પીઓ


(૧) શ્રી. મૃદુલ

(૨) શ્રી. છબીલદાસ પંડિત
શ્રી. ભદ્રીક કાપડીઆ

(૩) શ્રીમદ્ બુદ્ધિસાગરજી

(૪) શ્રી ગુણવંત શાહ

(૫) શ્રી ગુણવંત શાહ

(૬) ચિત્રભાનુ

(૭) શ્રી. ગુણવંત શાહ



માસિક

સંવત ૨૦૧૭ પોષ માસ તા. ૨૦-૧-૬૧

તંત્રીઓ :- પંડિત [illegible]
શ્રી. [illegible]

વર્ષ ૨ જું

પ્રેરક : મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી

સળંગ અંક ૧૫

# ચિંતન કણિકાઓ....

પ્રભો ! તારી એ જીવનની બેદરકારી માનું કે જીવન પ્રત્યેનો વિરાગ ?

પોણી સદી સુધી તું જીવ્યો, જીવનનો ઉદ્ધાર કર્યો, સંસારને સંસ્કાર્યો, આત્માની અનેક વાતો તેં કહી, જીવનનાં ઘણા તત્ત્વોની તેં ઝીણી ચર્ચા કરી પણ તારા જીવન વિષે તેં કશું જ ન કહ્યું. તારા ઘર સંસારની તેં એક પણ વાત ન કહી. તેં કેવું મનોમંથન અનુભવ્યું, કેવાં સંવેદનો અનુભવ્યાં, તારા અંતરમાં કયાં સ્પંદનો જાગ્યાં એ કશાયનો તેં જરાય સ્પર્શ ન કર્યો. બસ પારકી જ ચિંતા કરી, બીજાની જ વાતો કહી અને તેં તારા જીવનને તો સદાય છુપું જ રાખ્યું ! એના માટે તો તું મૌન જ રહ્યો !....

શું જીવન પ્રત્યેની તારી એ બેદરકારી હતી ? જિંદગી પ્રત્યેનો એ વૈરાગ્ય હતો ?

અને પેલો ગગન ગોખે બેઠેલો સિતારો બોલી ઊઠયો : "ગાંડા ! મૌન એ જ તો એના જીવનનું મહાકાવ્ય છે. મહેફીલમાં સળગી જતી મીણબત્તી કયારે એના જીવનની વાત કરે છે ? બાગમાં પરાગ પસરાવી જતું ગુલાબ પણ કયાં એનું સંવેદન કહેવા બેસે છે ? એ તો મૌનનો મહાસાગર હતો. અલખનો અવધૂત હતો. એને એવી ફુરસદ પણ ન હતી

કે એના જીવનની એ ડાયરી લખવા બેસે; નોંધપોથીનું એકાદ પાનું પણ ચિતરે. કર્તવ્ય એ જ એનો ધર્મ હતો. એ ધર્મની એને પાકી ધૂન હતી. ભોળા માનવ ! એને હવે તારે જે માનવું હોય તે માન....”

o o o o

દેવ મારા ! મેં આશાની તેજ લેખા માંગી હતી; આ મહત્ત્વાકાંક્ષાની અગનઝાળ નહિ !

o o o o

જીવન જ્યારે કોઈએ ભેરવેલો ભાર લાગે ત્યારે જરા થંભી જજે અને તપાસજે— ગરબડ ક્યાં છે ?

o o o o

સુખે કહ્યું : “હું માનવીને શાંતિની ઊંઘ આપું છું. આરામની જિંદગી આપું છું. ઉલ્લાસના એને ગીત ગવડાવું છું. સદાય એને હસતો રાખું છું. હું છું તો માનવી જીવવાનું પસંદ કરે છે. જ્યારે તું ? માનવીના જીવનને હરામ બનાવી દે છે એની ઊંઘ ઊડાડી દે છે. એનું ચેન છીનવી લે છે. માનવને સદાય રડતો રાખવો એ જ તારા જીવનનું કાર્ય છે. તું છે તો સંસાર ઝેરી છે.”

દુ:ખે જવાબ આપ્યો : “બરાબર છે. પણ માનવીને મેં જે આપ્યું છે તે તું નહિ આપી શકે. માનવીને મેં સદાય જાગૃત રાખ્યો છે. સુખ એ જ અંતિમ નથી એની પાર પણ એક દુનિયા છે—એવો એક રાહ ચીંધ્યો છે. જીવનને મેં ઘડયું છે. તારી જેમ એને પંપાળ્યું નથી. માનવને મેં ખડતલ બનાવ્યો છે. મુક્તિની મેં એનામાં ભૂખ જગાડી છે. આશાનું મેં એને અમી પાયું છે.

“અને જીવનના અમર કાવ્યો મેં આપ્યાં છે. સંસ્કૃતિનું સર્જન મારી પ્રેરણાથી થયું છે. તારી ગોદમાં પડેલાં માનવીએ કશું જ કર્યું નથી. મેં અમર ક્રાંતિઓ સર્જી છે.

ને તેથી જ તો મુક્તિના મરજીવા સદાય તારો સંગ છોડે છે. અને એ કેમ ભૂલી જાય છે મારી કબર પર તો તારૂં જીવન ઊભું છે. મારા મોતમાં તારો જન્મ છે.”

સાચું શું ?

o o • •

અંતર્યામી ! આપે તો કરુણાનાં આંસુ આપજે, દુઃખોથી રડતી આંખો ન આપીશ....

o o • •

તને જો તારું ગુમાન હોય તો મને પણ મારૂં સ્વમાન વહાલું છે. જા, ના આવીશ. હું ય જોઉં છું તું કેવો નથી આવતો.

“મૃદુલ”

# જબ ચીડીયા ચૂગ ગઈ ખેત……

## તંત્રી લેખ

ધર્મનું ગાંડું અભિમાન હાનિકારક છે. પણ ધર્મનું સાચું ગૌરવ એ તો આવશ્યક છે.

એ ગૌરવનો સાચો જવાબ આપવાનો સમય દરેક જૈન માટે આવીને ઊભો રહ્યો છે. ૧૯૬૧ માં ભારતની વસ્તી ગણત્રી થશે. તમે શું કરો છો, કુટુંબમાં તમે કેટલા સભ્યો છો, તમે કયો ધર્મ પાળો છો વ. બધી હકીકતોના આંકડા ખૂણે ખૂણેથી, ઘરે ઘરમાંથી ભેગા કરાશે. અને એ આંકડાઓના આધાર પર ભારતની ભાવિ યોજનાઓ ઘડાશે.

એ સારાય રાષ્ટ્રના આંકડા પરથી ભારતની સંસ્કૃતિનો હિસાબ નીકળશે. આપણે જૈનોએ પણ તેમાં સાચો ને સ્પષ્ટ હિસાબ આપવાનો છે.

ગમે તે કારણ હોય પણ એ હકીકત છે. આ યુગમાં આપણે રાજકારણથી ઉદાસ બન્યા છીએ. જે જૈન મંત્રીઓએ ભારતનો ઉજળો ઇતિહાસ ઘડ્યો છે એ આપણે આજ રાજકારણથી સન્યાસ લઈને બેઠા છીએ. એનાથી આપણે દૂર ભાગ્યા છીએ. પરીણામે આપણે ઘણું સહન કરવું પડ્યું છે.

જ્યારે આપણું ભારત સાચા આંકડા ભેગા કરી રહ્યું છે. ત્યારે આપણે ઉદાસ બેસી રહીશું ને અંદર અંદરના મતભેદોમાં જ અટવાઈ જઈશું તો તેની ખોટ આપણે ભારે મૂલ્યે ચૂકવવી પડશે.

૧૯૫૨માં પ્રથમ વસ્તી ગણતરી થઈ ત્યારે માત્ર સોળ લાખની જ સંખ્યા બહાર આવી હતી. હકીકતમાં એથી વધુ સંખ્યા હતી પરંતુ આપણી ઉદાસીનતાએ જ આપણને કંગાળ જાહેર કર્યા હતા. અમારા અનુમાન મુજબ આજ જૈનોની વસ્તી પચાસ લાખથી વધુ થવા જાય છે. જ્યારે સરકાર આપણી સંખ્યાનો આંક માગે છે ત્યારે આપણે અંદર અંદરના ભેદભાવને ભૂલી જઈએ. ભલે આપણે આજ જુદા જુદા ફિરકાઓમાં વહેંચાયા હોઈએ પરંતુ એ તો નજ ભૂલાય કે આપણે સૌ મહાવીરના સંતાન છીએ. એ જગતપિતાના આપણે બધા પુત્રો છીએ.

અને આ કોઈ સિદ્ધાંતનો વિષય નથી, વટનો કોઈ સવાલ નથી. આ નક્કર સત્ય છે કે આપણે સૌ જૈન છીએ. મૂર્તિમાં માનનારો પણ જૈન છે. મૂર્તિમાં ન માનનાર સ્થાનકવાસી પણ જૈન છે. મહાવીરોને દિગંબર માની પૂજનાર તે પણ જૈન છે. વીરની અહિંસા તે નહિ આ છે એ કહેનાર તેરાપંથી પણ જૈન તો છે જ. અને કોઈપણ સંપ્રદાય-સંઘાડા કે ગચ્છના સાધુ જૈન સાધુ જ છે. ભ. મહાવીરની પૂજા કરનારો એના વચનોમાં વિશ્વાસ ધરાવનારો દરેક જૈન છે. આત્મા દરેકનો જૈન છે. કલેવર ભલે જુદાં હોય. તાત્વિક સદ્ધાંતો અંગે ભલે આપણી વચ્ચે ઉગ્ર મતમતાંતરો હોય પણ એથી આપણે "જૈન" નહિ પણ આપણે અમુક ફીરકાના છીએ એમ કહેવું એ તો નરી બાલિશતા છે. ભ. જિનની પૂજા કરનારો દરેકાઈ પહેલાં "જૈન" છે પછી જ એ બીજા કોઈ ફીરકા કે સંપ્રદાયનો છે.

સરકાર જ્યારે આપણી સાચી સંખ્યાનો આંક માગે છે ત્યારે આપણે સૌ ભૂલી જઈએ કે આપણે અમુક ફીરકાના કે ગચ્છના છીએ. આપણો ધર્મ જૈનધર્મ છે. આપણે જૈન છીએ. આપણે હિંદુ નથી. હિંદુધર્મી નથી. જૈનધર્મ એ આગવો ધર્મ છે. એ કોઈ ધર્મની શાખા કે ફાંટો નથી. અને આથી જ "જૈન" એ હિંદુજાતિનો એક ભાગ નથી પણ એક સ્વતંત્ર જાતિ છે. સરકારે એનો સ્વીકાર કર્યો છે. વિદ્વાનોએ એ પુરવાર કર્યું છે.

ત્યારે તમારા આંગણે જ્યારે વસ્તી ગણત્રીનો અધીકારી આવે ત્યારે ધર્મના ખાનામાં "જૈનધર્મ" લખાવજો. જાતિના ખાનામાં "જૈન" લખાવજો.

સામાજિક કાર્યકરો. જૈન લેખકો જૈન સામયિકોના તંત્રીઓ ને સંપાદકો, શ્રમણ ભગવંતો, જૈન સંસ્થાઓ ને મંડળો આ અંગે સજાગ રહે ને દરેકને સાચું માર્ગદર્શન આપે. આ અવસરે જો આપણે સહેજ પણ ઉદાસ ને નિષ્ક્રિય રહીશું તો એનું પરીણામ આપણે જ ભોગવવાનું રહેશે. અને "જબ ચીડીયા ચૂગ ગઈ ખેત" એમ પાછળથી રડવું નકામું બનશે.



# સમસ્યા નો ઉકેલ

લેખક—

[illegible] બુદ્ધિસાગરજી



સોનાનું એક મોટું શિખર ગબડતું નીચે પડે અને તેના ખંડ ખંડ થાય તેવી જૈનોની ઉન્નતિમાંથી અવનતિ અવલોકાય છે. જૈનોની અવનતિ થવાનાં ઘણાં કારણો છે, તેમાંથી કેટલાંક નીચે મુજબ જણાવવામાં આવે છે—

અજ્ઞાનતા, દ્વેષ કુસંપ, ધર્મક્રિયાના મતભેદોથી ઉઠતા ક્લેશો, ગચ્છના મતભેદો, ખંડન મંડન, ઝઘડા વગેરેથી સંકુચિત દૃષ્ટિ, જે વખતે જે ક્ષેત્રની પડતી દશા હોય તેની ઉન્નતિ તરફ અલક્ષ, નકામા ખર્ચા, પરસ્પર સાધુઓમાં ઐક્યભાવની ખામી, સામાની ઉન્નતિને ન સહન કરવી, સમયને ઓળખવાની અશક્તિ, સાધુઓના વૈયાવચ્ચ, ભક્તિમાં ન્યૂનતા, ધર્માભિમાનની ન્યૂનતા, જૈનના કર્તવ્ય તરફ અલક્ષ વગેરે કારણોથી જૈનોની પડતીનાં ચિહ્નો પ્રગટ્યાં છે. ઘણા ગચ્છો અને બેઓના પરસ્પર ખંડન મંડનમાં જૈનાચાર્યોએ આત્મશક્તિને વાપરી દીધી તેથી શ્રાવકોમાં પોતપોતાના ગચ્છની માન્યતાઓ વધવા લાગી અને બીજાની માન્યતાઓ પરસ્પર વિરુદ્ધ લાગી તેથી પરિણામ એ આવ્યું કે દરેક ગચ્છવાળાએ પોતાના રક્ષણમાં અને અન્ય ગચ્છને હઠાવવામાં ઉપદેશ આદિ શક્તિઓને વાપરી દીધી તેથી અન્ય ધર્મીઓએ લાગ જોઈને જૈનોમાં પગપેસારો કરી ઘણા જૈનોને પોતાના ધર્મમાં દાખલ કર્યા. જૈનોને પરિપૂર્ણ જૈન ધર્મનું જ્ઞાન નહિ મળવાથી તેઓ અજ્ઞાન રહ્યા અને તેમાંથી ઘણા અન્ય દર્શનીઓના ઉપદેશ વગેરેથી વૈષ્ણવ વગેરે ધર્મમાં પેસી ગયા. હવે પડતીનાં કારણોને જાણ્યા પછી જૈનોની ચડતી થાય એવા ઉપાયો આદરવા તરફ લક્ષ આપવાની જરૂર છે.

## જૈનોની ચડતીના ઉપાયો

૧. લાખો કરોડો રૂપિયા ખર્ચીને ગીતાર્થ સાધુઓના સલાહ અને યોજનાપૂર્વક જ્યાં ત્યાં વ્યવસ્થા પૂર્વક જૈન ગુરુકુળો, બોર્ડિંગો અને પાઠશાળાઓ સ્થાપવી.

૨. ગામેગામ, શહેરે શહેર, ખૂણે ખાચરે રહેલા જૈનોને જૈન ધર્મનું જ્ઞાન થાય એવો સાધુઓ દ્વારા ઉપદેશ ફેલાવવા યોજના કરવી.

૩. ચારે ખંડના સર્વ દેશના લોકોમાં જૈન ધર્મનો પ્રચાર થાય એવી યોજના કરી તે પ્રમાણે અમલ થાય એવા ઉપાયો આચારમાં મૂકવા દરેક જૈને પૂર્ણ આત્મભોગ આપવો.

૪. દરેક ગચ્છના આગેવાન સાધુઓએ પરસ્પરમાં સંપ રહે અને ક્લેશની ઉદીરણા ન થાય તથા દરેક ગચ્છના સાધુઓ ભેગા મળીને જૈનોની ઉન્નતિ કરી શકે એવી યોજના ઘડવી અને તે પ્રમાણે વર્તાય તે માટે લક્ષ દેવું. દરેક ગચ્છના આગેવાનોએ જે જે બાબતો નક્કી આવતી હોય તેમાં ભેગા રહીને જૈનોની ઉન્નતિ થાય તે માટે એક જૈન મહાસંઘ વર્ષે વર્ષે ભરવો અને તેમાં સંપપૂર્વક જૈન શાસનની ઉન્નતિ અને જૈનોની ચડતીના ઉપાયો સંબંધી ચર્ચાઓ કરી સર્વાનુમતે ઠરાવ કરી પ્રામાણિકપણે યુક્તિસર ઠરાવો પ્રમાણે વર્તવું.

૫. જૈન સાધુઓ આખી દુનિયામાં ચાલતા ધર્મમતોનું જ્ઞાન કરી શકે અને જૈન ધર્મ તત્ત્વોનું સારી રીતે અધ્યયન કરી શકે એવાં ગુરુકુળોને સહાય કરવી અને જૈન સાધુઓને તથા સાધ્વીઓને ધર્મશાસ્ત્રોનું અધ્યયન કરવામાં સર્વ પ્રકારની સગવડતા કરી આપવી.

૬. દરેક ગચ્છના આચાર્યે પોતપોતાના ગચ્છના સાધુઓ તથા સાધ્વીઓને જ્ઞાની બનાવવા પ્રયત્ન કરવો અને અન્ય ગચ્છના સાધુઓ સાથે પ્રેમ, સંપ અને ભ્રાતૃભાવથી વર્તવાનો ઉપદેશ આપવો.

૭. જૈન સાધુઓની જાહેરમાં નિંદા ન થાય અને સાધુઓમાં પરસ્પર એક બીજાની નિંદા ન થાય એમ સર્વ સંઘાડાના આગેવાન સાધુઓએ ભેગા થઈને વ્યવસ્થા કરવી.

૮. સર્વ ગચ્છના સાધુઓનું એક મંડળ સ્થાપવું અને તેઓમાં નવા કલેશો ન થાય એવા નિયમો કરાવવા. અને કોઈ બાબતમાં નવો કલેશ નિંદા અને કુસંપ વગેરે થવાનો પ્રસંગ બન્યો હોય તો સર્વે ગચ્છના આગેવાન સાધુઓના બનેલા મંડળ દ્વારા તેનું સમાધાન કરવું અને સુધારા વધારા કરવા માટે સર્વ ગચ્છ સાધુ મંડળે અમુક વર્ષે અમુક તીર્થમાં અમુક વખતે મળવું.

૯. જૈન સાધુઓ અને સાધ્વીઓની સંખ્યામાં વધારો થાય અને જૈન ધર્મની વૃદ્ધિ કરવામાં પૂર્વપરંપરાએ સાધુઓ અત્યંત ઉપયોગી થાય એવા નિયમો ઘડવા અને તેને અમલમાં મૂકવા.

૧૦. સાધુઓ અને સાધ્વીઓએ સ્વધર્મીઓને અને અન્યધર્મીઓને અધિકાર ભેદે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે કેવી રીતે ઉપદેશ દેવો તેનું જ્ઞાન આપવાને આગેવાન સાધુઓએ પ્રયત્ન કરવો અને ઉપદેશ દેવાની શૈલીમાં શાસ્ત્રોના આધારે ઉત્તમ તત્ત્વ દાખલ થાય તેવા ઉપાય જણાવવા.

૧૧. ધર્મના આગેવાન સર્વ ગચ્છના સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓએ ચતુર્વિધ સંઘ કોઈ તીર્થમાં ભેગો થાય અને જૈન ધર્મના ફેલાવા માટે પ્રયત્ન કરે એવો ઠીકઠાક કરવો અને અગાઉની સ્થિતિ પુનઃ પ્રાપ્ત થાય એવી યોજનાઓ હાથ ધરવી.

૧૨. ચાર વર્ણના મનુષ્યોમાં જૈનધર્મનો આદર થાય એવા ઉપાયોને સભાસંઘમાં ચર્ચવા અને તે માટે મોટું ફંડ કરવું તેમાંથી જૈન સાધુઓને સહાય કરવી.

૧૩. ગૃહસ્થ જૈનોએ કરોડો રૂપિયા જેમાં થાય એવું ફંડ કરવું અને તેમાંથી ગરીબ શ્રાવકો અને શ્રાવિકાઓને મદદ કરવી. હિંદુસ્તાનના સર્વ જિનમંદિરો વગેરે ધાર્મિક ખાતાઓનો એક સરખી રીતે કારભાર થાય એવી યોજનાઓ હાથ ધરવી. એક મોટી સંસ્થાના હજારો પેટા સંસ્થાઓ હોય પણ મોટી એક જ સંસ્થા હોય કે જેના હુકમ પ્રમાણે સર્વ સંસ્થાઓ કામ કરી શકે અને દેવ દ્રવ્ય વગેરેની ઘટતી વ્યવસ્થા કરી શકે એવી યોજનાઓ અમલમાં મૂકવી.

૧૪. સાધુઓને દેશો દેશ ધર્મનો ઉપદેશ દેતાં થતી અગવડો દૂર કરી ઉપદેશ દેવામાં અનુકૂળ સંયોગોની સહાય આપવી. સાધુઓની હિલના થતી વારીને જૈન ધર્મનો પ્રચાર થાય એવી રીતે સહાય આપવી. અન્ય ધર્મના લોકોને જૈન ધર્મમાં દાખલ થતાં જે જે અગવડો થતી હોય તે દૂર કરવી અને તેઓ જૈન ધર્મમાં સ્થિર રહે એવી વ્યવસ્થા કરી આપવી. અને તેઓને સહાય આપવામાં કંઈપણ કમીના રાખવી નહિ.

૧૫. જૈન ધર્મની ઉત્તમતા-ઉપયોગિતા અને આસ્તિકતા દર્શાવનારાં જૈન ધર્મના પુસ્તકોનો અનેક ભાષામાં ફેલાવો કરવો અને તે ગરીબમાં ગરીબ મનુષ્યના હાથમાં પણ જાય એવી વ્યવસ્થા કરવી.

૧૬. જૈન ધર્મ ઉપર આક્ષેપ કરનારા લેખોનો પ્રત્યુત્તર આપવા માટે જૈન લેખકો તૈયાર કરવા અને જૈન ધર્મની મહત્તા થાય એવા લેખો લખનાર લેખકોને ઉત્તેજન આપવું.

૧૭. શ્વેતાંબર અને દિગંબરોમાં તીર્થોની તકરારોમાં લાખો રૂપિયાનો આડા માર્ગે નાશ થાય છે તે ન થાય તે માટે માંહોમાંહે સમાધાન કરી લેવા માટે કોમના આગેવાનોએ ઉપાય કરવા અને કુસંપ કલેશ અને પરસ્પરની તકરારોમાં લાખો રૂપિયાનો વ્યય ન થાય એવા પરસ્પર સુલેહના નિયમો ઠરાવવા. જઈન કોમના ધાર્મિક મતભેદોની તકરારો થવા ન પામે એમ જઈન આગેવાનોએ ઠરાવ કરવા તે પ્રમાણે વર્તવા પ્રયત્ન કરવો. જઈન ધર્મમાં દેવ દ્રવ્યાદિકની તકરારો પડે તેનું માંહોમાંહે સમાધાન કરી લેવું અને માંહોમાંહે સુલેહ શાંતિ જળવાય એવા ચાંપતા ઉપાયો લેવા. જઈન-પત્રો માંહોમાંહે કલેશ, ઝઘડા ન કરાવે તેમ જઈન આગેવાનોએ વ્યવસ્થા કરવી.

૧૮ જઈનોની વસ્તી દર સૈકે ઘટે છે તે તપાસીને તેને દુર કરવા પ્રયત્ન કરવો. સાધુઓ અને સાધ્વીઓની સંખ્યા પૂર્વની પેઠે વધે અને સર્વત્ર જઈન સાધુઓ ઉપદેશ આપી શકે તેવા ઉપાયો યોજવા અને સર્વત્ર સાધુઓને ભણવાની વ્યવસ્થા કરવી.

૧૯. અંગ્રેજી વગેરે ભાષાઓનો અભ્યાસ કરનારાઓમાં નાસ્તિકતા ન વધે અને જઈન ધર્મમાં દૃઢ શ્રદ્ધાળુ રહે માટે તેઓને ગુરુગમ પૂર્વક ધાર્મિક જ્ઞાન મળે એવા જઈન સાધુઓએ તથા શ્રાવકોએ ઉપાયો આદરવા. કેળવણી લેતા જઈનોને ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરવામાં સ્કોલરશીપો વગેરેથી સહાય કરવી.

૨૦. દરેક ગચ્છના આગેવાન આચાર્ય વગેરેએ પોતાના ગચ્છના સાધુઓ અને સાધ્વીઓ ગામેગામ વિહાર કરીને જઈનોને ઉપદેશ આપે તે બાબતમાં લક્ષ દેવું અને દરેક ગચ્છોમાં સંઘાડાઓમાં કલેશની ઉદીરણા થાય એવો ઉપદેશ ન દેવા સંબંધી ઘટતી વ્યવસ્થા કરવી.

૨૧. શ્રાવકો અને શ્રાવિકાઓને જઈન ધર્મ પાળવામાં સહાય આપવી. કચ્છી ગુજરાતી વગેરેને નવકારશી જમણ વગેરેમાં જે ભેદ છે તે દૂર કરવા અને પરસ્પર મૈત્રી ભાવના કાયમ રહે એવા ઉપાયો યોજવા.

૨૨. જઈન બંધુઓની સ્થિતિ સુધરે તે માટે કોન્ફરન્સ વગેરે સંસ્થાઓ કામ કરે છે તેઓને સહાય આપવી. વ્યાવહારિક તથા ધાર્મિક કેળવણીની વૃદ્ધિ અર્થે વાર્ષિક પરિષદ ભરવી અને કેળવણીને ઉત્તેજન આપવું. જઈનોને કોઈપણ કાર્યમાં પ્રથમ પસંદગી આપવી અને નોકરી વ્યાપાર વગેરેથી જઈનો આબાદ થાય એવા ગૃહસ્થોએ પ્રયત્ન કરવા.

૨૩. કન્યાવિક્રય બાળલગ્ન-વિવાહ વગેરે પ્રસંગોમાં થનાર નકામા ખર્ચા તથા હાનિકારક રીવાજોનો અટકાવ થાય તેવો ઉપદેશ દેવો અને તેવાં પુસ્તકોનો પ્રચાર કરવો. ફેશનની શોખિયારીમાં તણાતા જઈનોને સાદાઈમાં પૂર્વજોની પેઠે રહેતાં આવડે એવો ઉપદેશ દેવો.

૨૪. પાદરીઓની પેઠે જઈન સ્કુલો ઉઘાડી અને તેમાં અન્ય ધર્મના વિદ્યાર્થીઓને દાખલ કરવા અને તેઓને જઈન ધર્મનું ક્રમાનુસારે શિક્ષણ આપવું. આત્મભોગ આપનારા ગૃહસ્થ જઈનોએ ખ્રિસ્તીઓની જેમ સંખ્યા વધે એવા વિવેકપૂર્વક જે જે યોગ્ય લાગે તે ઉપાયો યોજવા.

ઉપર પ્રમાણે જઈનોની અને જઈન ધર્મની ઉન્નતિના ઉપાયો દર્શાવ્યા છે તે પ્રમાણે જઈનો ખાસ લક્ષ રાખીને વર્તે તો હળવે હળવે ઉન્નતિ થઈ શકે.

("જઈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ" માંથી ઉધૃત)

---

મારા આતમની પુકાર એક દિવસ તને મારા આંગણે ખેંચીને લાવશે. અંતરની આરઝુ કદી વિફળ નહિ જાય. શ્રદ્ધાભર્યું બલિદાન કદી નિષ્ફળ નહિ જાય.

o o o o

# મૃત્યના ઓવારેથી....

લેખક: ગુણવંત શાહ.

રાજમહેલના એક ખંડમાં ઝાંખો દીવો સળગી રહ્યો હતો. તેલ ખૂટયું હતું. વાટ બળી જવા આવી હતી. અને તેના છેલ્લા ઝબકારા ખંડને અજવાળી રહ્યાં હતાં.

વિશ્વવિજેતાનો જીવનદીપ પણ છેલ્લાં ડૂસકાં લઇ રહ્યો હતો. ખંડમાં બીજું કોઈ ન હતું. કોઇનો અવાજ નહતો. કોઇનું હલન ચલન નહતું. માત્ર અમે બે જ હતાં.

હું હતો. એ હતા. બન્ને મૌન હતાં. મૃત્યુની ભયંકર શાંતિ ત્યાં પથરાઈ હતી.

અંતિમ શયનની એ તૈયારી કરી રહ્યો હતો, હાથપગ નિશ્ચેતન બની ગયાં હતાં. શરીર જડ બન્યું હતું. હોઠ ફીક્કા પડી ગયા હતા. ગાલ પીળા થઇ ગયા હતાં. વાળ લુખ્ખા બન્યાં હતાં. પાંપણ ધીમે ધીમે એની કાયા સંકેલતી હતી. અને એની એ બીડાતી આંખો એનું આખું જીવન કહી જતી હતી.

દીવાનો એક જોરથી ઝબકારો થયો.

એના દીપે પણ એક છેલ્લો ઝબકાર લીધો. એના હોઠ ખૂલી ગયા. એ ધીમે અવાજે બોલ્યો.

"ભાઇ ! હું તો હવે જઉં છું. મારી એક વિનંતી છે. મારા શબને જ્યારે બાંધો ત્યારે મારી આંખો ખુલ્લી રહેવા દેજો અને દુનયાને કહેજો– જીવનભર એ લડયો. વિશ્વવિજેતા બનવાને એ મથ્યો. એ બન્યો પણ ખરો અને આખર એનીય આંખ મીંચાઇ ગઇ..."

અને પવનનો એક સખ્ત ઝપાટો આવ્યો. દીપ બુઝાઈ ગયો !!! એની લીલા સંકેલાઇ ગઇ !...

દુનિયાએ સમાચાર સાંભળ્યા; વિશ્વવિજેતાએ હંમેશની વિદાય લઇ લીધી. અને જગતે એના મૃત્યુના સમાચાર જાણી શાંતિનો દમ ખેંચ્યો.

એ ગયો અને કચડાયેલાં ફુલ ફરી ખીલી ઊઠયાં. એણે છેલ્લી સલામ ભરી અને બીડાયેલાં હોઠ હસી ઊઠયા. દબાયેલા હૈયા ઝૂમી ઊઠયા. શોકનો અંચળો ઊડી ગયો. દમનનો વીંઝણો ઠંડો પડી ગયો.

જગત એના જવાથી ઘેલું બન્યું. વિશ્વે એનો મૃત્યુ મહોત્સવ ઉજવ્યો. દુનિયાની રંગભૂમિ ઉપરથી સંહારે વિદાય લીધી. યુધ્ધના ભણકાર શમી ગયા દુનિયા ગાંડી બની.

આજ વિશ્વવિજેતા અનંત નિદ્રામાં પોઢી ગયો હતો...

એની સુચના મુજબ મેં એના શબની વ્યવસ્થા કરી દીધી. કામ પતાવી હું એના ખંડમાં ગયો.

ખંડ આજ એકલો હતો. ભયંકર ધમાલ પછી એ પહેલી જ વાર શાંતિના શ્વાસ ઘૂંટતો હતો. એની બધીજ ચીજો એમ ને એમ પડી હતી.

આમ તો એના જીવનમાં મને જરાય રસ ન હતો. જીવતાં તો એના પડછાયામાં પણ નથી આવ્યો. પરંતુ જીવનભર જેણે કદી નિરાશાનો સુર નથી કાઢ્યો એવો એ યે જ્યારે અંત સમયે દીન બનતો, લાચાર થતો જોયો ત્યારે મને એના વિષે જાણવાનું મન થયું.

એની બધી ચીજો જોતો હતો. અને ફેંદતા ફેંદતા મને એની ડાયરી જડી. ગઇકાલે જ લખી હશે એવું લાગતું હતુ.

વિશ્વવિજેતાની ડાયરી !... જીવનનાં ભિતરની નગ્ન કહાની !! આત્માનો એકરાર !! મેં પાના ઉથલાવવા માંડ્યા :

કોઈએ કીધું છે કીનારે બેઠા સાગરનું સૌન્દર્ય જોવામાં અવર્ણનીય આનંદ આવે છે. જીવન પણ એક સાગર નથી શું ?

મોતના કીનારે બેઠો છું. આંખો ભૂતકાળ સામે તગતગી રહી છે. કેટલું અગાધ જીવન છે ! ફેરફેરલા મોજાના પછડાટ છે ! વમળોનો પણ પાર નથી. ભયંકર તોફાન આ જીવને જોયા છે.

એક પછી એક પ્રસંગના મોજાં આવે જ જાય છે. આવે જ જાય છે. ક્યાંથી આવે છે, ક્યાં વિલીન થાય છે એ વિચારું છું પણ કંઈજ ઉકેલ જડતો નથી.

મને લાગે છે હું ખૂબ જીવ્યો છું. કાળના અનંત થર મારા પર બાઝ્યા છે. હું ભૂલતો ન હોઉં તો સૃષ્ટિનું સર્જન થયું, માનવ અસ્તિત્વમાં આવ્યો, એણે કુટુંબમાં જીવવાનું શરૂ કર્યું ત્યારથી જ અમારા વંશનો જનમ થયો હશે.

અસંતોષ એ અમારા વંશનો પહેલો સભાસદ. કોણ એની મા, કોણ બાપ, ક્યાં જનમ્યો, ક્યારે અને ક્યા દિવસે એની કશી જ નોંધ નથી.

પણ મારી મા એ લખેલી નોંધપોથીનું એક પાનું છે. એમાંથી કંઈક ઇશારો મળે છે. એ લખે છે:—

"મારી માનો સ્વભાવ ઘણો રંગીલો હતો. ખૂબ જ ઇચ્છાવાળી એ બાઈ હતી. એક ઇચ્છા પૂરી થઈ ન થઈ બીજી ઇચ્છા એ કરી જ લેતી. એના જીવનનો બસ એકજ કાર્યક્રમ હતો : મનમાં ઊઠતી દરેક ઊર્મિને ભોગવવી. અને એ ચંચળ પણ એટલી જ હતી.

મનુની દીકરી હતી. ખૂબ જ લાડકોડમાં ઉછરી હતી.

એક વખતની વાત છે. મારી માને પુત્ર ભોગવવાની ઇચ્છા થઈ. ત્યાર પહેલાં એ કુંવારી હતી. યૌવન સતાવતું હતું. વાસનાઓ પજવતી હતી. જિંદગી બેચેન હતી. અને એનું હૈયું કોઈને ઝંખતું હતું.

એક દિવસ એને એ અથડાઈ ગઈ !...

ખુબજ બરછટ એ જવાન હતો. જીવવાના કોઈ ઠેકાણાં નહતાં. અસ્તવ્યસ્ત એની જિંદગી હતી. એની આંખોમાં સનાતન ભુખ સળવળતી હતી. ભૂખનો રોગ હતો. દુનિયા એને નાની પડતી હતી. અને એના જીવનને જરાય આરામ નહતો. એના અને આનામાં આટલો જ ફરક હતો : એ ઇચ્છાને ભોગવી ભુલતી હતી. આ ઇચ્છાને ભોગવતાં જ ભભૂકતો હતો. એને ક્યાંય તૃપ્તી નહતી બધામાં એને કશુંક ખૂટતું જણાતું હતું દરેકમાં એને ઊણપ સાલતી હતી. અને આથી જ એ જે આદરતો તે અધુરું મૂકી દેતો.

અતૃપ્તિ ને અસ્થિરતા એના સ્વભાવના લક્ષણ હતાં. ઠંડા મિજાજનો એ માનવી હતો. એની ચાલમાં ય જીવનની નિરસતા ટપકતી હતી. એના શબ્દોમાં ઉદાસીનતા હતી. એના હોઠ ઉદ્વિગ્ન હતાં. એની આંખોમાં ક્યાંય ચમક નહતી. એની મોંની રેખાઓમાં ભયંકર થાક તરવરતો હતો.

માનવીનું એ સંતાન હતો.

એ દીકરીને આ સંતાન ભોગવવાનું મન થયું. અને એક કમનસીબ પળે આ બંનેનો સંયોગ થઈ ગયો.

એકાંત મોંઘુ બન્યું. લાલસા ને અસંતોષનું સંવનન થયું.

ને એનું સર્જન તે હું..."

ત્યારે કોઈ લગ્ન સંસ્થા નહતી. યથેચ્છ જીવન હતું. જેને જેમ ફાવે તેમ જીવતું. સ્ત્રી પુરુષના સંબંધને કોઈ મર્યાદા નહતી. ભાઈ-બેન, મા-બેટાના કોઈ બંધન નહતાં. માનવ ત્યારે મુગ્ધ અવસ્થામાં હતો. એની બુદ્ધિ, સંસ્કાર હજુ ઊગતા હતા. ધર્મ જેવો કોઈ શબ્દ નહતો. જીવનની કોઈ સમજ નહતી.

ને લાલસાએ મારી માને જન્મ આપ્યો...

બાળક વધુ એના મા બાપમાંથી શીખે છે. મારી માના મા બાપ, હું પહેલાં જ જણાવી ગયો છું તેમ જીવનના કોઈ ચોક્કસ ખ્યાલ વિનાના અસ્થિર ને ચંચળ જીવ હતાં. એ મને ઘણીવાર કહેતી : "મારો જન્મ તો એક અકસ્માત છે."

અને એ અકસ્માત ખરેખર ભયંકર હતો. એ આગળ લખે છે :—

"મેં આ દુનિયામાં પહેલી આંખ ખોલી ત્યારે મારી આજુબાજુ કૂતરાં હતાં. કાગડા હતા. જનમ પછી તરતના બંદાને એ ચાટી રહ્યાં હતાં.

મારા જનમ પછી મેં ક્યારે ય મારી માનો ખોળો નથી જોયો. મારા બાપની મેં સુરત નથી જોઈ. એકલી ને અટૂલી મને આ દુનિયામાં ફેંકી દેવામાં આવી હતી.

રોજ રડી રડીને મારી આંખો લાલ થઈ જતી હતી પણ મારા હૈયાને કોઈ પંપાળનાર નહતું. મમતાથી મને કોઈ બોલાવનાર ન હતું.

જીવન એમ જ કાગ કરે જતું હતું. દિવસે દિવસે હું મોટી થતી ગઈ. મારું હૈયું ભૂખ્યું હતું. પ્રેમની એને ભૂખ લાગી હતી. પણ મારા હૈયાને ક્યાંય હૂંફ ન મળી.

મને શ્રદ્ધા હતી ક્યારેક તો મને મારો મીત મળશે જ. અને મેં ઘણી ધીરજ ધરી. કંઈકને મેં મારા દિલમાં વસાવ્યા પણ બધા જ મને રઝળતી મૂકી ચાલ્યા ગયા. ક્યાંય મને સાચી નજર ન મળી...

રાત પડે હું ખૂણામાં રડી લેતી. પણ હવે તો આંસુ પણ ખૂટ્યાં હતા. આંસુએ પણ વિદાય લીધી હતી. અને જગતની આ હૈયાહીનતાએ મને કંઈક બીજી જ વ્યક્તિ બનાવી.

જીવનનો રસ ચાલી ગયો. ઉદાસીએ છેલ્લો શ્વાસ મૂક્યો. આશા મરી ગઈ. શ્રદ્ધા સળગી ગઈ. અને આખા દુનિયાનું નિકંદન કાઢવાનો મેં સંકલ્પ કર્યો.

સૌ પ્રથમ મેં મારા બાપને શોધવાનો પ્રયત્ન કર્યો. જે બાપે મારી આ દશા કરી હતી, મને રઝળતી ને ભટકતી કરી હતી, એ બાપને મેં મારું લક્ષ્ય બનાવ્યું.

હું ઘણું ફરી. ઘણાને મળી. કંઈક જણાને મેં પૂછપરછ કરી. અને એક રાત્રે નશાલી હાલતમાં એનો ભેટો થઈ ગયો.

એક હાથમાં સુરાની પ્યાલી હતી. બીજા હાથમાં સુંદરી હતી. માદક આંખો હતી. વીખરાયેલા વાળ હતા. કાળા કાળા હોઠ હતા. અવાજના કંઈ ઠેકાણાં નહતાં. ગમે તેમ એ બબડે જતો હતો. ઘડી એ સુરાને પીતો હતો. ઘડી એ સુંદરીને ખેંચતો હતો.

ભયાનક એ દૃશ્ય હતું. હું ધ્રૂજી ઊઠી. મારી હિંમત જરા ડગમગી ઊઠી. સામે જ મારી મંઝીલ ઊભી હતી પણ મને કોઈ કડકડૂસ થતી મહેલાતના અવાજ સંભળાતા હતા.

મને થયું: પાછી ફરી જઉં. મારે નથી એ બાપના દર્શન કરવા. થોડીક પળ માટે હું વિમાસણમાં પડી ગઈ. મને કંઈજ સમજાયું નહિ. હું એકાએક ચીસ પાડી ઊઠી.

ભયંકર રીતે હસતો એ મારી તરફ આવી રહ્યો હતો. એની નજરમાં ખૂન હતું. એના હોઠ પર સહરાની પ્યાસ હતી એક મોટી છલાંગ મારીને એણે મને દબાવી દીધી. જ્યારે એ ભીંસ હતી મેં ખૂબ વલખાં માર્યાં. એની પકડમાંથી છૂટવા મેં બનતું બધું જ કર્યું.

પણ હાય !...જંગાલિયતની એણે છેલ્લી હદ ઓળંગી નાખી !!! મારું કૌમાર્ય નંદવાઈ ગયું !..."

અને એ પાપનું સંતાન તે હું.

બળાત્કારે મને જન્મ આપ્યો. ગળથૂથીમાંથી જ મને પાપના સંસ્કાર મળ્યા. મારી માના પેટમાં જ હું ઘૃણાના પાઠ શીખ્યો. જીવનથી હારેલી, જિંદગીથી થાકેલી અને હૈયાથી ભાંગેલી મારી માએ દુનિયા સારી પર રોષ ઠાલવ્યો. એની લાલ આંખથી દુનિયા થરથરતી હતી. એના પગના એક જ ધબકાર માત્રથી ધરતી ધ્રૂજી ઊઠતી હતી. અને એવા ભયંકર તિરસ્કાર ને ઝેરી ઝનૂનના મને સંસ્કાર મળ્યા.

મેં આ દુનિયામાં પહેલી આંખ ખોલી ત્યારે જગતે કારમી ચીસો પાડી. મારા જનમને ભયથી સાંભળી લીધો. સારી માનવજાતે મારા અસ્તિત્વને ધીક્કારી કાઢ્યું. મારા આગમનને એમણે લાખો શ્રાપ આપ્યા.

અને મારી માના સંસ્કાર મારામાં અખંડ ઉતર્યા. એ કહેતી : "વિશ્વવિજેતા બનવાને તું જનમ્યો છે. સારીય દુનિયાની સલ્તનતનો સ્વામી થવાને તારો જન્મ થયો છે. અને તારા ધ્યેયને હાંસલ કરતાં તારા માર્ગમાં જે આવે તેને કચડી નાંખજે..."

આમ દમન, હત્યાકાંડ, નિર્દયતાના પાઠ ભણીને મેં જીવનયાત્રાની શરૂઆત કરી.

મેં મારા સાથીદારોની એક સેના ઊભી કરી. વેર, ક્રોધ, ઈર્ષા અને એવા બીજા ઘણાને ભેગા કરી દિગ્વિજય માટે મેં પ્રસ્થાન કર્યું.

અને મારી હડફટે જે ચડયા તેને મેં રામશરણ કરી દીધાં. મારી સેનાએ દુનિયામાં હાહાકાર મચાવી દીધો. જગતની સૌ પ્રથમે મહાન યુદ્ધો આપ્યાં. ભયંકર જંગમાં હું તેમાં ઝઝૂમ્યો. માનવીનું જીવતું મોત બનીને હું લડ્યો. નગરોના નગરો મેં ભસ્મીભુત કરી નાંખ્યાં. કંઈક માનવજીવનને ખંડેર બનાવી દીધાં. અનેકને જીવનભર માટે રડતાં કરી દીધાં. કંઈકની જિંદગીઓને પાયમાલ કરી નાંખી. ભયાનક હત્યાકાંડ સર્જ્યો. ચંગીઝખાન બનીને હું આવ્યો. નાદીરશાહનો મેં પાઠ ભજવ્યો. હિટલર ને સ્ટાલિનનો પણ સ્વાંગ સજ્યો. અને એથી ય મને ધરપત ન થઈ અને મશીનગન, ટેન્ક, એટમબેમ્બ લઈને હું લડ્યો. દુનિયા આખીને મેં ત્રાહ ત્રાહ પોકારાવી દીધી. હું જ્યાં જ્યાં ઘૂમ્યો ત્યાં ત્યાં મેં હાહાકાર મચાવી દીધો. જિંદગીને બેચેન બનાવી દીધી. માનવતાને કચડી નાંખી.

મારી માની ખુશીનો પાર ન રહ્યો. કારણ દુનિયાએ મારા સામ્રાજ્યનો સ્વીકાર કર્યો હતો. જગત ત્યારે મારા ચરણ ચૂમતું હતું. મારા એક અવાજે દુનિયા આખી કંપતી હતી. કોઈની તાકાત નહતી મારી સામે માથું ઊંચકે. હું એકચક્રી રાજ ભોગવતો હતો. જગતનો હું શહેનશાહ બન્યો હતો. જગતસમ્રાટ મને લોકો કહેતાહતા.

આજ એ દિવસોની યાદ આવે છે ને હૈયું ભીનું બને છે. એ માનવીની ચીચીયારીઓ, સરી જતા આંસું, લૂખ્ખી આંખો, નિષ્પ્રાણ શરીરોની સ્મૃતિ સળવળે છે ત્યારે મારો આતમ આજ વલોવાઇ જાય છે.

કેટકેટલી જિંદગીઓને મેં બરબાદ કરી છે ! કેટકેટલાના જીવન મેં છિન્નભિન્ન કરી નાંખ્યાં છે ! વરસોની મહેનત બાદ ઊભી કરેલી સંસ્કૃતિને મેં જમીનદોસ્ત કરી છે. અનેકના અરમાનોને મેં આગ ચાંપી છે. નિર્દોષ ફૂલ જેવા બાળકોને મેં જરાય દયા વિના રેંસી નાંખ્યાં છે.

અને તે માત્ર એક જ ગાંડી ધૂન પર-વિશ્વવિજેતા બનવા માટે ! જગત્ સમ્રાટ થવા માટે !..

કેવો ભાનભૂલેલો એ રાહ હતો !...

દુનિયાને યુદ્ધ નથી ખપતું. એને સંહાર નથી જોઈતો એ શાંતિ શોધે છે. આબાદિ માંગે છે. અને આખર જીત તો પ્રેમની જ છે, વિજયમાળ તો શાંતિએ જ પહેરી છે. માનવતાનો જ વિજય થયો છે.

આજ મારી કોઇ પૂછ નથી. કોઇને મારી પરવા નથી. જગત મને આજ ધિક્કારેછે. એ મારી ઉપેક્ષા કરેછે.

મેં ભૂતકાળમાં ભલે ગમે તે કર્યું. એનું મેં અભિમાન કર્યું છે. પણ જ્યારે આજ મને સત્ય સમજાયું છે, અનુભવનો નીચોડ મળી ગયો છે ત્યારે મારે દુનિયાને કહેવું જોઇએ—

હિંસાને ભુલી જજે. સંહારને સદાય માટે છોડી દેજે. યુદ્ધ એ સાચું જીવન નથી. એ ખરો વિકાસ નથી. અને જગત્ તું શાંતિના ચરણે બેસજે. માનવતાના ગીત ગાજે, પ્રેમની પૂજા કરજે. આતમાની સાધનાકરજે. મારો સાચો વારસો તો તને આ જ છે..."

એક જ બેઠકે હું એની ડાયરી વાંચી ગયો. એટલી સચોટ ને હૃદયભેદક એની રજુઆત હતી કે મને પેલી કલાપીની પંક્તિઓ યાદ આવી ગઇ.

"હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે, પાપી તેમાં ડુબકી દઇને પૂણ્યશાળી બને છે."

# એક જ........

લેખક:-
આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા.

આ માનવ ભૂલો પર ભૂલો કરે છે. ઠોકર પર ઠોકર ખાય છે. પરંતુ તો ય એને સાન આવતી નથી. તો સવાલ થાય છે શું એને એવું ગમે છે? ના. એવું તો નથી. માનવીને ભુલનો ભોગ ગમતો નથી. એનાથી આવતું દુઃખ એને જરૂર સતાવે છે.

ત્યારે એ એવું ફરી ફરીને કરે છે એનું કારણ શું?

માનવીની એ ભ્રમણા છે. ભુલને એ ભુલ જ નથી માનતો અને એ ન જાણે તેમ પટકાયે જાય છે. મોહમાં ને મોહમાં એ એવું કરે જાય છે કે એ પડે છે તો પણ એને ખબર પડતી નથી. અને એ મોહમાં જ એ ગબડે છે. એ માયામાં જ એ રીબાય છે.

અને એ મોહ માયા જ દુઃખોને જનમ આપે છે. પીડાને ઊભી કરે છે, એ શોક કરાવે છે, સંતાપ કરાવે છે. અને અનેક વિટંબણાઓમાં અટવાવે છે.

માનવે જો આમાંથી બચવું હોય તો એક જ ઉપાય છે. દેવ ગુરૂ પર શ્રદ્ધા રાખવી. એમના વચનોનું, આજ્ઞાનું પાલન કરવું. તેમનો સંગ થતાં જ ભુલો થતી અટકશે. ઠોકર વાગતી મટી જશે. દુઃખોનો નાશ થશે. શોક ઓછો થશે. સંતાપ ચાલ્યો જશે. અને શુભ વિચારો આવશે. મન પવિત્ર થશે. આટલું થયું એટલે પછી સુખ તમારા હાથમાં જ રહેશે.

વિચાર ચારિત્ર્યનું બીજ છે. શુભ વિચારો કરશો એટલે વાણી પણ તેમજ ઘડાશે. અને વિચાર વાણી એક થયા પછી વર્તન પણ આપોઆપ શુદ્ધ બની જશે. અને આ જ્યાં સુધી નહિ બને ત્યાં સુધી ભુલો થવાની જ.

ભુલો થતી અટકાવવી હોય, દુઃખથી મુક્ત બનવું હોય, સદાય સુખ જોઈતું હોય તો એક જ ઉપાય છે. વિચાર-વાણી ને વર્તનનું ઐક્ય સાધે. એ ત્રિપુટીને સ્વચ્છ રાખો. શુદ્ધ કરો અને આ માટે દેવ ગુરૂનો સંગ કરો તેમની સોબતમાં રહો. અને તેમની દરેક આજ્ઞાનું શ્રદ્ધાપૂર્વક વિનયથી પાલન કરો.

સુખી થવાનો આ એક ઉત્તમ ઈલાજ છે.

અને જ્યાં સુધી વિચાર શુદ્ધ ને પવિત્ર બન્યા નથી. વાણી શિષ્ટ ને સંસ્કારી બની નથી, વર્તન નિર્મળ ને સદાચારી બન્યું નથી ત્યાં સુધી અશુભ કર્મો તમને હેરાન કરવાના જ છે. કર્મનો બંધ એથી થવાનો જ છે.

° ° ° °

જગતભરની સમૃદ્ધિ ને સત્તા ભલે હોય પણ સંતોષ સિવાય સત્ય સ્વરૂપની ઓળખાણ થઈ શકતી નથી. માનવ એક ઇચ્છા કરે છે. એ પુરી કરે છે. બીજી ઇચ્છા જાગે છે. એ પણ પુરી કરે છે. આમ એક ઇચ્છા પુરી થાય છે ને બીજી ઇચ્છા જનમે છે. એકમાંથી અનેક પ્રકારની ઇચ્છાઓ જાગે છે. અને આમ થાય છે એટલે કર્મબંધન થાય છે અનેક કર્મના પડ બંધાય છે. જીવનને એથી ઘણું જ ભટકવું પડે છે. અને યાતનાઓ ભોગવવી પડે છે.

આ બંધનથી બચવાનો એક જ ઉપાય છે:-
અને તે છે સંતોષ......

° ° ° °

શરીર તે જ આત્મા છે. શરીર જનમે છે ત્યારે આતમા જનમે છે; શરીર મરે છે ત્યારે આતમા મરે છે: ભૌતિક સુખ મળ્યા પછી દુઃખ આવતું જ નથી:- આ બધી જ માન્યતાઓ ભુલ ભરેલી છે. માનવ મનની એ ભ્રમણા છે.

શરીરથી આતમા જુદો છે: આતમાનો કદી જનમ થતો નથી; કદી એનું મૃત્યુ થતું નથી: ભૌતિક સુખ એ સાચું ને શાશ્વત સુખ નથી:-હે માનવ! તું આમ વિચાર.

ચિરંતન સુખી થવાનો એ એક ઉત્તમ માર્ગ છે.

# ગરીબાઈની દાઝ!...

કલિકાલ સર્વજ્ઞ નગરમાં પધારી રહ્યા છે. ઉમળકાભેર સૌ નગરજનો તેમનું સ્વાગત કરી રહ્યા છે.

ભવ્ય વરઘોડો ચડ્યો છે. હાથી છે, ઘોડા છે. ગાડીઓ છે. પરમાર્હત કુમારપાળ મહારાજા છે. નગરશ્રેષ્ઠીઓ છે, મધ્યમ વર્ગના માનવીઓ છે, આમજનતા પણ છે. રાજકુળની રાણીઓ છે. શેઠાણીઓ છે. બેનો પણ છે. સર્વજ્ઞ ગીતો ગાતું બહુ મોટું સાજન જામ્યું છે.

સર્વજ્ઞશ્રી નીચી નજર કરી ચાલી રહ્યા છે.

બધે જ આનંદની હવા હતી. સૌના મોં પર ઉમંગ હતો.

પણ પરમાર્હત કંઈ બેચેન હતા. એમના દિલમાં કશુંક ઘોળાતું હતું.

"પ્રભો ! એક સવાલ પૂછું !"

"કહો ! રાજન !"

"પ્રભો ! આ સાજન જોઉં છું, મોં જોઉં છું એમણે પહેરેલા વસ્ત્રો જોઉં છું અને તમને જોઉં છું. દેવ ! હું તમારો શિષ્ય છતાં પ તમારા શરીર પર આ જાડા જાડા કપડાં ? તમારા આ કપડાં જોઉં છું ને મને પારાવાર દુઃખ થાય છે. પ્રભો ! તમે આ કપડાં બદલી નાંખો. સુંદર અને ઝીણા વસ્ત્રો પરિધાન કરો.

'રાજન્ ! તને મને જોઈને દુઃખ થાય છે, અને મને તને જોઈને દુઃખ થાય છે. તું મારો શિષ્ય છતાં પણ મારું દર્દ સમજી શકતો નથી. તારા રાજ્યમાં ઘણાને પહેરવાના કપડાં ન હોય. એમના નંગાપાને ઢાંકવા લંગોટી પણ ન હોય ત્યારે હું કેવા દિલથી તારા એ સુંદર ને ઝીણા કપડાં પહેરી શકું ?"

અને કુમારપાળ સર્વજ્ઞનો આ જવાબ સાંભળી વધુ બેચેન બની ગયા.

"મારા રાજમાં નિવસ્ત્ર માણસો રહે છે અને હું હજુ ઊંઘતો છું ? એ બને જ નહિ. સર્વજ્ઞને આવા જાડા કપડાં પહેરવા દેવાય જ નહિ."

અને ફરમાન છૂટ્યાં : નિવસ્ત્રાને વસ્ત્ર આપો...

—ગુણવંત શાહ

---

# મૈત્રીનું માધુર્ય

એક શાળામાં બે વિદ્યાર્થીઓ સાથે ભણતા હતા. પુષ્પ અને પરીમલ જેવી એમની મૈત્રી હતી. આગળ જતાં બન્નેના રાહ જુદા ફંટાયા. એક ચિંતક બન્યો. બીજો પ્રધાન બન્યો.

એ પછી વર્ષો વીત્યાં. બન્ને જુદી જુદી દિશામાં આગળ વધી રહ્યા હતા. એક દિવસ પ્રધાનની પત્ની ચિંતકને મળવા આવી. એણે કહ્યું : "તમે તમારા મિત્રને હમણાં મળવા કેમ આવતા નથી ?"

ચિંતકે સહાનુભૂતિ બતાવતાં કહ્યું : "હમણાં તો મારા મિત્રને ઘણાય મળવા આવે છે. હું એક ન મળું તો પ ચાલે. હું તો તેને ત્યારે જ મળીશ જ્યારે એ ચૂંટણીમાં ઊડી ગયો હશે. ઝૂકીને સલામ ભરનારા એને ત્યાં ડોકાતા નહિ હોય. અને મારા એ મિત્રનું હૈયું નિરાશા અને વ્યથાથી ભારે થયેલું હશે. ત્યારે ઉત્સાહનું ઔષધ અને આશ્વાસનનો મલમપટ્ટો લઈ, એના ઘાને રૂઝવવા હાજર થઈશ."

મિત્રનો ધર્મ હાસ્યનો કોલાહલ વધારવામાં નથી, દુઃખનાં આંસુ લૂછવામાં છે.

—ચિત્રભાનુ

# સિતારો સે આગે ....

લેખકઃ—
ગુણવંત શાહ

આ ધરતીની લાલસાએ માનવે ભીષણ હત્યાકાંડ સર્જ્યો છે. લોહીની એણે નદીઓ વહાવી છે. માનવ ખોપરીઓના એણે ઢગ ખડક્યા છે. સામ્રાજ્યની એ વાસનાએ અનેક માનવજીવનને ખંડેર બનાવ્યાં છે.

પણ પેલા ધરતીના ટુકડા માટે કોઈ લડ્યું નથી. આ ધરતી માટે લડી-ઝઘડીને ઘણાએ અહીં નિરાંતની ઊંઘ લીધી છે. ધરતીના આ ખંડે કદી ભેદભાવ જોયો નથી. અહીં રાજાઓ સુઈ ગયા છે. ભીખારીઓ સુઈ ગયા છે. શાહ સોદાગરો અહીં માટીમાં મળી ગયાં છે. ગરીબ-મજુર પણ અહીં રાખ ચોળીને લાંબા થઈ ગયાં છે.

અહીં જે આવ્યાં છે તે સૌ સદાય માટે વિલીન થઈ ગયાં છે. આ સ્મશાન છે. મરેલી જિંદગીઓની આ મહેલાત છે.

એ ચિતાઓ થોડે થોડે દુર ભડભડ બળી રહી હતી. રાજાની લાશ સળગી રહી હતી. થોડે દુર એક ભિખારીનું હાડપિંજર બળી રહ્યું હતું.

બન્ને ય બળીને ખાખ થઈ ગયાં !...

આ દુનિયાનો હિસાબ છોડીને બન્ને ય ચાલ્યા ગયાં...

કહેવાય છે કિ સિતારો સેં આગે ઓર ભી જહાં હૈ અને એ દુનિયાના દરવાજા આગળ આવી બન્ને ઊભાં રહ્યાં.

સ્વર્ગનો એ દરવાજો હતો. પુણ્યશાળીઓનું એ ભવન હતું. પણ દરવાજો બંધ હતો.

"શું દેવોને ખબર નથી કે ધરતીનો એક શહેનશાહ એના દરવાજે ઊભો છે ? દેવ ! દરવાજો ખોલ ! હું ધરતી મૂકીને આવ્યો છું." રાજા અકળાઈ ગયો.

થોડીવારે દરવાજો ધીમેથી ઊઘડ્યો. એક દેવદુત બહાર આવ્યો.

રાજાશાહી સ્વભાવ ફરીથી ગરમ થઈ ગયો.

"કેવું અંધેર છે તારા રાજ્યમાં ? કેટલાય કલાકથી હું અહીં ઊભો છું ને તમને લોકોને જરાય માલુમ પડી નથી ? શું તને એ ખબર નથી કે હું આ ધરતીનો સમ્રાટ છું ? મારા એક અવાજે લાખો સેવકો હાજર થાય છે. અને હજી ય તું ઊભો રહ્યો છે ? રાજાની કેમ અદબ રાખવી એ તારા ભગવાને શીખવ્યું છે કે નહિ ? ચાલ, જલ્દી કર મને સ્વર્ગમાં લઈ જા..."

પણ દેવદુત મૌન હતો. એ ભિખારી પાસે ગયો.

"ચાલો ! મહા માનવ ! સ્વર્ગ તમારી રાહ જુવે છે. આવો મારી પાછળ ચાલ્યા આવો."

"તારી આ ગુસ્તાખી ? દેવ ! તારું ખસી તો નથી ગયું ને ? તું જાણે છે આ અપમાનનો તારે શો હિસાબ ચૂકવવો પડશે ? હું રાજાધિરાજ બેઠો છું ને તું આ કંગાલને પહેલાં સ્વર્ગમાં લઈ જાય છે ?" રાજા વધુ ગરમ થઈ ગયો.

"અહીં ધરતીનાં સગપણ જોવાતાં નથી. અહીં માનવ જીવનનાં હિસાબ ચૂકવાય છે" દેવ બોલી ઊઠ્યો.

"તારો એ હિસાબ જુદો છે. જા. ધરતીના

કોઇ માનવને પૂછી આવ કે મેં શું કર્યું છે?

મેં તારા મંદિરો બાંધ્યાં છે. તળાવો કરાવ્યાં છે. પરબો બંધાવી છે. સ્કુલો ઊઘાડી છે. સદાવ્રતો ખોલ્યા છે. અનેકને મેં નોકરીઓ આપી છે. જગત આખાના જાનમાલનું રક્ષણ કર્યું છે. જ્યારે આ કંગાલે કશું જ કર્યું નથી. ઘેર ઘેર ભીખ માંગી છે. ગંદો રહ્યો છે. તારી પૂજા પણ એણે કરી નથી. અને તું એને સ્વર્ગમાં લઇ જાય છે? બોલાવ, તારા દેવાધીદેવને! હું ન્યાય માંગુ છું."

"ઓ ઘમંડી! તારા એ પુણ્યના સરવાળા મને ન કહીશ. તારા એ કર્મોની યાદી મને ન ગણાવીશ.

મંદિરો તેં નથી બાંધ્યા. રાત દિવસ કાળી મજુરી કરી આ કંગાળોએ બાંધ્યાં છે.

સ્કુલો તેં જરૂર ઊઘાડી છે. પરબડીઓ તેં ચોકકસ બંધાવી છે. તળાવો પણ તેં કરાવ્યાં છે એની પણ ના નથી. પરંતુ એ બધા પર તેં તારું નામ કોતરાવ્યું છે. ઓ ઘમંડી! તેં તો જનતાની સેવાને બહાને કીર્તિનો વેપાર કર્યો છે.

અને તેં મારી પૂજા નથી કરી. મારી સાથે તેં સોદો કર્યો છે. સોનાનું દાન કરી તેં હંમેશા એરણની માંગણી કરી છે.

તેં સદાવ્રતો ખોલ્યાં છે. પણ ભુખ્યા માણસોની દયાથી નહિ. પહેલાં તું પેટભરીને જમ્યો છે. અને પછી ખાતા ખાતા જે એઠું વધ્યું છે તે તેં ભીખમાં આપ્યું છે.

ને નોકરીઓ અપાવવાનો દાવો તું કયા મોંએ કરે છે? તેં કોઇને નોકરી નથી આપી. તારી સેવા માટે તેં સૌને ગુલામ બનાવ્યાં છે તેં નોકરી નહિ, ગુલામી આપી છે.

અને જાનમાલના રક્ષણની તો તું વાત જ ન કરીશ. સત્તાના જોરે તેં અનેકના ઝુંપડા તોડી નાખ્યાં છે. કળીના ઓઠા હેઠળ તેં અનેકની ધરતી લુંટી લીધી છે

અને રક્ષણ તેં નથી કર્યું. તું તો નિરાંતે સાત મણની મખમલની તળાઇમાં સુતો છે. જ્યારે આ કંગાળોએ કડકડતી ઠંડીમાં ભીષણ અંધારી રાતમાં, આંખો ચોળીને, સતત જાગ્રત રહીને તારા જગતનું રક્ષણ કર્યું છે.

તેં રક્ષણ નથી કર્યું પણ ભક્ષણ કર્યું છે. તું રક્ષક કદી બન્યો જ નથી. સદાય તું ભક્ષક જ રહ્યો છે.

અને આ કંગાળે માનવતાને જીવતી રાખી છે. ઘેરઘેર ભીખ માંગીને એણે જરૂર પેટ ભર્યું છે. પણ એના એ રોટલામાંથી અર્ધો રોટલો એણે સદાય અંધ ભિખારીઓને આપ્યો છે. થોડા ભાતમાંથી પણ કોળીયો ભાત એણે અપંગ ભીખારીઓને વહેંચી આપ્યો છે. તરસ્યા ગરીબ બાળોને એણે ખોબે ખોબે પાણી પાયું છે.

એના પૂર્વજન્મ કર્મે એ ભિખારી બન્યો, પણ આ ભવમાં ભીખ માંગીને પણ એણે પુણ્ય પેદા કર્યું છે. તારી માફક એણે કીર્તિનો બદલો નથી માંગ્યો.

આ સ્વર્ગમાં નિષ્કામ કર્મનું વ્યાજ ચૂકવાય છે. ધર્મનો વેપાર કરનારને અહીં સ્થાન નથી. ચારિત્ર્યને ચાંદીના ટુકડાથી અહીં મપાતું નથી.

ભાવનાના મોલ અહીં મૂલવાય છે. આતમની ઝંખના અહીં જોખાય છે.

તારા ધરતીના દરબારની માફક અહીં ન્યાયના કાટલાં જુદા નથી. રાજા માટે પણ એક જ કાયદો છે. ભીખારી માટે પણ એજ કાયદો છે. કાયદો લોકો માટે છે, રાજા માટે નહિ એવી જૂઠી ને દંભી કાયદાની જાળ અહીં નથી.

હવે મને વધુ ન પૂછીશ. તારું સ્થાન ત્યાંનરકમ

ચાલો, મહા માનવ! તમને તમારી મહેલાત બતાવું," અને પેલા કંગાળને લઈ દેવ ચાલ્યો ગયો...

## —: ખાસ નોંધ :—

આપને ભેટ પુસ્તક આવતા મહિને આપવામાં આવનાર હોવાથી અંક ૧૬-૧૭ (ફેબ્રુઆરી ને માર્ચ) ભેગા નીકળશે. આવતો અંક બંધ રહેશે ને તા. ૨૦-૩-'૬૧ ના રોજ ભેટ પુસ્તક સાથે અંક રવાના કરવામાં આવશે. સૌ વાચક ભાઇબેનો આની નોંધ લે.

હજુ ઘણાના લવાજમ બાકી છે. સત્વરે તે કાર્યાલયમાં ભરાવી દેવા વિનંતિ છે.

# પુણ્યોત્સવનાં સંસ્મરણો

## ( રાજકોટ )

મુમુક્ષુ



કુ. નીલમબેન

સં૦ ૨૦૧૬ની આ વાત છે. ત્યારે રાજકોટમાં પ. પૂ. ઉપાધ્યાયજી મ. સા. શ્રી. કૈલાસસાગરજી તથા પ. પૂ. પં. સુબોધસાગરજી આદિ ઠાણા રાજકોટમાં બિરાજમાન હતાં. તેઓની વ્યાખ્યાનમાળામાં હજારો માણસો આવતાં અને તેમની પ્રેરક વાણીથી જીવનને સંસ્કારતાં.

શ્રી. માધવજી વિઠ્ઠલદાસનું કુટુંબ પણ મહારાજશ્રીની વાણીનું પાન કરતું હતું. તેમના સુપુત્રી કુ. નીલમબેનને ઉપાધ્યાયજી મ. ની પ્રેરણાથી ચારિત્ર્ય લેવાનું મન થયું. તેમની વાણીથી કુ. નીલમબેનનું દિલ સંસાર પરથી ઉતરવા લાગ્યું. અને તેમણે મનમાં નિશ્ચય કર્યો કે મારે દીક્ષા જ લેવી છે. સંસાર માંડવો નથી. અને તે પ્રમાણે તેમણે જીવનની ટેવો પાડવા માંડી.

ત્રણ ત્રણ વરસ સુધી તેઓશ્રીએ આ સંસ્કારને ચાલુ જ રાખ્યા. ભાવનાને વધારતા જ ગયા. અને હવે તો જલ્દી દીક્ષા લઈજ લેવી છે એવું નક્કી કર્યું. પિતાશ્રી માધવજીભાઈને વાત કહી. અને તેઓશ્રીએ સંમતિ પણ આપી.

અને મહોત્સવની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ.

શ્રીયુત માધવજીભાઈ કપડવંજ આવ્યા. ત્યાં ઉપસ્થિત થયેલા આચાર્ય દેવેશ શ્રી. કીર્તિસાગર સુરીશ્વરજી તથા પ. પૂ. પં. પ્ર. શ્રી. મહોદયસાગરજી ગણિવર્યને આ પ્રસંગ ઉજવવા રાજકોટ પધારવા વિનંતી કરી. પરંતુ તેઓ ટુંક સમયમાં રાજકોટ વિહાર કરી જઈ શકે તેમ ન હતા. આથી તેઓએ ભાવનગર પ. પૂ. પં. પ્ર. શ્રી સુબોધસાગરજી મ સા. ને રાજકોટ જવા લખ્યું.

અને ગુરૂદેવની આજ્ઞા સ્વીકારી પૂ. પં. પ્ર. શ્રી. સુબોધસાગરજી ગણિવર્ય આદિ ચાર ઠાણાએ ભાવનગરથી વિહાર કરી ઘણાજ ટુંક સમયમાં માગશર સુદ તેરસના રાજકોટ આવી પહોંચ્યા.

પાદરાથી કુ. નીલમબેનના ગુરૂ પૂ. સા. મ. શ્રી વસંતશ્રીજી, શ્રી સ્નેહલત્તાશ્રીજી, શ્રી ધર્મરત્નશ્રીજી આદિ પણ વિહાર કરીને સમયસર રાજકોટ આવી પહોંચ્યા. આ અગાઉ શ્રી માધવજીભાઈ તથા શ્રી નરવરભાઇ પાદરા ગયેલા અને તેઓ સૌને રાજકોટ પધારવા વિનંતી કરેલી. સૌ શ્રમણ મહારાજોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અને સારી પ્રભાવના પણ થવા પામી હતી.

સં૦ ૨૦૧૭ માગસર વદ ત્રીજના રોજ અત્રે ચાલતી જ્ઞાનવર્ધક પાઠશાળા તરફથી અભિનંદન સમારોહ ઉજવવામાં આવ્યો હતો. પંન્યાસજી મ.શ્રી સુબોધસાગરજીની નિશ્રામાં ઇનામી મેળાવડો કરવામાં આવ્યો હતો. પ્રાસંગીક પ્રવચનો પણ કરવામાં આવ્યા હતાં અને અંતે કુ. નીલમબેનને અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવ્યો હતો.

## મંઝીલ ભણી !



કુ. નીલમબેન જળયાત્રાના વરઘોડામાં
સૌનો સત્કાર ઝીલતાં દેખાય છે.

## છેલ્લી સલામ !



કુ. નીલમબેન વરસીદાન દઈ રહ્યાં છે.

# સેનાની !



પૂ. સા. મ. નયતત્વજ્ઞાશ્રીજી
( કુ. નીલમબેન )

વદ ૫ના રોજ શ્રી સંઘે પણ દીક્ષાર્થી બેનનું યોગ્ય બહુમાન કર્યું હતું. સંઘના મંત્રીશ્રીએ કુ. નીલમબેનને તેમજ તેમના કુટુંબીજનોને અભિનંદન આપ્યાં હતાં.

વદ છઠના રાત્રે શ્રી જૈન તપાગચ્છ સેવા સમાજ તેમજ પાઠશાળાની બાળિકાઓએ પણ એક સન્માન સમારંભ યોજ્યો હતો. અને શ્રી છગનલાલ કચ્છવાળાના વરદ હસ્તે તેમને અભિનંદન પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

વદ સાતમના રોજ જળયાત્રાનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જૈનોએ તેમજ જૈનેતરોએ પણ તેમાં ભાગ લીધો હતો. અંતે વરઘોડો વીખરાતાં શ્રી માધવજીભાઇ તરફથી પ્રભાવના કરવામાં આવી હતી.

વદ આઠમના રોજ દીક્ષાનો વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. કુ. નીલમબેનના ઘેરથી વરઘોડો નીકળીને શ્રી દશા શ્રીમાળી જૈન બોર્ડીંગમાં ઉતર્યો હતો. આખાય રસ્તે દીક્ષાર્થી નીલમબેને ઘણા જ ઉમંગથી અને હસતા મોંએ વરસીદાન કર્યું હતુ.

શુભ મુહુર્તે દીક્ષાની ક્રિયા શરૂ થઇ નામાભિધાન કરવામાં આવ્યું. પન્યાસજી મહારાજે તેમનું નામ નયતત્વજ્ઞાશ્રીજી જાહેર કર્યું. તેમના ગુરૂનું નામ પૂ. સા. મ. શ્રી સ્નેહલત્તાશ્રીજી છે. જેઓ પૂ. સા. મ. વસંતશ્રીજીના શિષ્યા છે.

આ ભવ્ય પ્રસંગે દીક્ષાર્થી નીલમબેનના પિતાજી, તેમના ભાઇઓ શ્રી. નટવરલાલભાઇ, શ્રી. પ્રવીણચંદ્રભાઇ, શ્રી. કીશોરકાન્તભાઇ હાજર હતા. બહારગામથી શ્રી. માધવજીભાઇના ભાઇઓ શ્રી.

પરસોતમભાઇ, શ્રી. પોપટલાલભાઇ, શ્રી. જેચંદભાઇ, શ્રી. ખરમસીભાઇ આદિ પધાર્યાં હતાં અન્ય સ્નેહીમણ ને કુટુંબીજનો તેમજ સકલ સંઘ પણ આ પુણ્યોત્સવમાં સામેલ થયો હતો.

આ પ્રસંગ નિમિત્તે અષ્ટાન્હિકા મહોત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો. રાતની ભાવનાનો વડગામના સંગીતકાર શ્રી. હરજીવનદાસભાઇએ તેમના સંગીત અને કથાગીતોથી તેમજ પાઠશાળાના અધ્યાપક શ્રી. રમણીકલાલભાઇએ દીપક આદિ નૃત્યથી ખૂબ જ સારી રીતે સફળ બનાવી હતી અને પ્રભુ ભક્તિનો અનેરો રસ જમાવ્યો હતો. આ સારાય પ્રસંગને યશસ્વી બનાવવામાં સૌએ સારો એવો લાભ લીધો હતો.

"બુદ્ધિપ્રભા" દીક્ષાર્થી નીલમબેનનું અભિવાદન કરે છે. અને હવે બનેલા નવતત્ત્વસાધ્વીજીને વંદના પાઠવે છે.

---

## એ ગરમ થઇ ગયો.

"પસંદ કરી લે. એક બાજુ સબડતું જીવન છે બીજી બાજુ મંગલ મોત."

અને મેં મંગલ મોત પસંદ કરી લીધું છે.

o o o o

સિદ્ધિ માગે છે-અથાગ શ્રમ, અખૂટ ધીરજ ને અખંડ શ્રદ્ધા.

૫ o o o

સૃષ્ટિનો આ ક્રમ છે : અંધાર ચીરીને પ્રકાશ આવે છે. બીજ ભૂમાં ઊંડે દટાઇને જ ફુલ બને છે. વીજથી વીંધાઈ ને જ વાદળા વરસે છે. ભાઇ મારા ! મુશીબતો વેઠયા વિના જીવન નંદનવન નહિ બને.

o o o o

તું કેટલું જીવ્યો એ મારે નથી જાણવું. તું કેવી રીતે જીવ્યો એ મને કહે.

o o o o

"બંધ કરી દે મારી પૂજા. એમ કરી હવે મને વધુ અભડાવ નહિ." ભગવાન મારો ગુસ્સે થઇ ગયો.

મેં પૂછ્યું : "પણ દેવ મારા ! એનું કારણ તો કહે"

અને એ બુલંદ સ્વરે બોલી ઊઠયો :

"માનવે આજ માનવતા ખોઇ છે. એની આંખોએ અમી ગુમાવ્યું છે. એના અંતરમાંથી પ્રેમ ઉડી ગયો છે. આતમાનું એણે જાહેર લીલામ કર્યું છે. ધર્મના હવે એ સોદા કરે છે. ચારિત્ર્યના મૂલ્ય એ ચાંદીના ટૂકડાથી માપે છે. મારા મંદિરમાં એ ડાહી ડાહી વાતો કરે છે ને બહાર નીકળી એ પાગલ બની જીવે છે.

આજના જેટલો જુઠ્ઠો ને દંભી માનવ મેં કયારે ય નથી જોયો. એની પૂજા હવે મને ન ખપે. એની ભક્તિ હવે મારે ન જોઈએ. જા, તારા આ સફેદ વાઘાને ઉતારીને આવ. તારા ભગવાનને આતમના ધબકાર સાંભળવા છે...."

o o o o

# શાસન સમાચાર

## ખંભાત

માગસર સુદ એકમને શનીવારના સવારે અત્રેથી એ સ્પેશ્યીઅલ બસો યાત્રાળુ ભાઈબેનોને લઈ શંખેશ્વરજી, તથા ઉપરીયાજી તીર્થોની યાત્રાએ ગઈ હતી. આ પ્રવાસનું સંચાલન શ્રી. ફુલચંદભાઈ પરસોતમદાસ, શ્રી. ચંપકલાલ કેશવલાલ તથા શ્રી. કનુભાઈ જંબુભાઈ શાહે કર્યું હતું. આ પ્રવાસમાં શ્રી. રસિકલાલ હસમુખભાઈ દંતારાએ સંગીતનો સારો એવો રસ જમાવ્યો હતો. પ્રવાસ સુંદર રીતે સફળ થવા પામ્યો હતો.

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી. દુર્લભસાગરજી સાહેબ તથા "બુદ્ધિપ્રભા"ના પ્રેરક પૂજ્ય શ્રી. ત્રૈલોક્ય સાગરજી સાહેબ અત્રેથી વિહાર કરી માતરની યાત્રા કરીને અમદાવાદ પહોંચી ગયા છે. અને અત્યારે તેઓ આંબલી પોળ જૈન ઉપાશ્રય, ઝવેરીવાડમાં તેમના ગુરૂદેવ આચાર્ય દેવેશ શ્રી. કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. તથા પં. પ્ર. શ્રી. મહોદયસાગરજી ગણિવર્યના સાન્નિધ્યમાં બિરાજમાન છે

## જુનાગઢ

અત્રે સંઘમિત્ર શ્રી. કપૂરવિજયજી મ. સા. ના શિષ્યશ્રી પૂન્યવિજયજી મ. સા. ના શિષ્ય પં. પૂ. શ્રી મનોહરવિજયજી ગણિવર્ય અને પૂ. શ્રી. શાંતિવિજયજી મ. સા. આદિ ઠાણાએ ચોમાસુ કર્યું હતું. ચોમાસામાં તપશ્ચાઓ ઘણી સારી થવા પામી હતી. પૂજ્ય પન્યાસજી મહારાજે ૬૭મી ઓળી શરૂ કરેલ છે. તેઓશ્રીએ ૬૨ મી ઓળી કરી ત્યારે ચાલુ ઓળીમાં માસખમણ કર્યું હતું અને આઠ ચોવિહાર ઉ વાસ કર્યાં હતાં. સંઘની વિનંતીને માન આપી તેઓશ્રીએ મણિભદ્રજીવીરની પ્રતિષ્ઠા કરાવવાની સંમતિ આપી હતી.

## છોટાઉદેપુર

અત્રે ચાલતા શ્રી. મહાવીર જૈન યુવક મંડળ તરફથી કારતક વદ દસમથી એક પાઠશાળા શરૂ કરવામાં આવી છે. લગભગ ત્રીસેક જેટલા વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે. અને દરરોજ મંડળ તરફથી વિદ્યાર્થીઓને પ્રભાવના કરવામાં આવે છે. કા. સુ. પુનમે આ મંડળે ધાર્મિક ટ્રસ્ટ બીલના વિરોધનો ઠરાવ પસાર કરી દિલ્હી મોકલ્યો હતો. માગસર વદ ૦)) ના આ મંડળ તરફથી માણકા મુકામે એક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ પ્રવાસમાં પૂજ્ય સાધ્વીજી મહારાજ સાહેબ અને સંઘના બીજા ભાઈબેનો પણ સામેલ થયા હતા. સામુદાયિક સ્નાત્રપૂજા ભણાવી તેઓ સોએ જંગલમાં મંગલ કર્યું હતું.


## શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ મુંબઈ.

આ મંડળના સભ્ય આપ બન્યાં ? ન બન્યાં હોય તો આજે જ બની જાવ, અને પેટ્રન લાઈફ મેમ્બર આદિ સભ્યોને મળતા ભેટ ગ્રંથોનો લાભ તરત જ ઉઠાવો. અત્યાર સુધી તેવી રીતે લગભગ પચ્ચીસ ગ્રંથો (૮૫૦૦ પાનાના) ભેટ અપાઈ ચૂકાયા છે. અને હજુ છપાતાં ગ્રંથો ભેટ આપવામાં આવનાર છે. તો આજે જ સભાસદ બની જાવ.

વિગત માટે લખો :–

મંત્રી

**શ્રી મંગળદાસ એન્ડ કું. ઘડિયાળી**

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ,

૩૪૭/–કાલબાદેવી રોડ, મુંબઈ. ૨.

# અમરફળની પ્રાપ્તિ

## સં. પૂ. બાલમુનિ શ્રી અમરેન્દ્રસાગરજી

નમસ્કાર મંત્ર કયી બાબુ અને બીજ જૈન શાશનમાં જ છે..

સર્વ મંત્રોમાં નમસ્કાર મંત્ર જ શ્રેષ્ઠ છે. હૃદયનું ખરેખરું ભૂષણ હોય તો નમસ્કાર મંત્ર જ છે.

જૈનકુળની અંદર ઉત્તમમાં ઉત્તમ જો કોઇપણ વસ્તુ હોય તો નમસ્કાર મંત્ર જ છે અને વિતરાગ પરમાત્માનું પ્રતિબિંબ છે.

જીવનનો ખરેખરો આધાર નમસ્કાર મંત્ર જ છે અન્ય કોઇ નહિ. નમસ્કાર મંત્રના આરાધનથી મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

નમસ્કાર મંત્રના સ્મરણથી જ અ વ્યાબાધ સુખ કે અનંતા સુખની પ્રાપ્તિ થાય છે.

નમસ્કાર મંત્રના સ્મરણથી અને શુદ્ધભાવથી તેનો ઉચ્ચાર કરવાથી સર્વ દુઃખો નાશ પામે છે.

નમસ્કાર મંત્રના સ્મરણથી માનસિક કલેશો નષ્ટ થાય છે.

પંચપરમેષ્ઠિનું સ્મરણ કરવાથી આત્માની અંદર વ્યાપ્ત થયેલ અશુભ કર્મનો ક્ષય થાય છે.

નમસ્કાર મંત્રના સ્મરણથી આ ભવ અને પરભવની અંદર અનંતા સુખ સંપદાને પામે છે. અને સંસારના પરિભ્રમણને નષ્ટ કરીને અન્તે શિવરમણીય (મોક્ષને) પ્રાપ્ત કરે છે.

નમસ્કાર મંત્ર સિવાય અન્ય કોઇપણ વિચાર સ્મરણ કરતી વખતે લાવવો નહિ.

---

## પ. પૂ. પં પ્ર. શ્રી. સુબોધસાગરજી ગણિવર્યની સાન્નિધ્યતામાં થયેલા ગ્રાહકોની યાદી :-

### પાંચ વરસ

૧ શ્રી. રતીલાલ કસ્તૂરચંદ શાહ
૨ શ્રી. પોપટલાલ મોહનલાલ શાહ
૩ શ્રી. ઇન્દુલાલ માધવજી પરીમલ
૪ શ્રી. હરીલાલ લક્ષ્મીચંદ શાહ

### બે વરસ

૫ શ્રી. મણીલાલ રાયચંદ શાહ
૬ શ્રી. જીવરાજ હંસરાજ શાહ
૭ શ્રી. જેચંદભાઇ વિઠ્ઠલભાઇ શાહ
૮ શ્રી. ચુનીલાલ મનસુખભાઈ અંગડીયા
૯ શ્રી. મનસુખભાઇ તારાચંદ શાહ
૧૦ શ્રી. જસરાજ ડુંગરસી સંઘવી
૧૧ શ્રી. હરજીવનદાસ હુકમચંદ ભોજક
૧૨ શ્રી. દલીચંદ ભાઇચંદ વસા
૧૩ શ્રી. પોપટલાલ વનમાળીદાસ શાહ
૧૪ શ્રી. રતીલાલ સુંદરજી શાહ
૧૫ શ્રી. પોપટલાલ વિઠ્ઠલદાસ શાહ
૧૬ શ્રી. રૂગનાથ નેમચંદભાઈ સુખડીઆ
૧૭ શ્રી. શાંતીલાલ મગનલાલ શાહ

### વર્ષીય

૧૮ શ્રી. હરીલાલ મેઘજીભાઇ શેઠ
૧૯ શ્રી. મોહનલાલ જીવાચંદ શાહ
૨૦ શ્રી. રાયચંદ પ્રેમચંદ એન્ડ કું૦
૨૧ શ્રી. પારસીભાઇ જેઠાભાઇ કોઠારી
૨૨ શ્રી હરીચંદ ઓધવજી અંગડીયા

### શ્રી. હરગોવિંદદાસ જેચંદભાઇ કોઠારી (કાકા)ની શુભ પ્રેરણાથી (રાજકોટ)

૧ શ્રી. વિનોદલાલ શીવલાલ દોશી, એડવોકેટ, કોવિદ અને મ્યુનિસિપલ પ્રોસીક્યુટર.
૨ શ્રી. વ્રજલાલ કાળીદાસ ટોળીયા પ્રમુખ-જૈન મહાજનવાડી.
૩ શ્રી. જોરમલભાઇ કસ્તૂરભાઇ પાલનપુરવાળા ઉપ-પ્રમુખ, જૈન દેરાસર.
૪ શ્રી. સ્વ. ચકુભાઇ વખતચંદ માજી પ્રમુખ) હ. પ્રવીણભાઇ (પરમાર પ્રીન્ટીંગ પ્રેસવાળા)
૫ શ્રી. ડૉ૦ કેશવલાલ નરસીદાસ મહેતા આઇઝ સ્પેશ્યાલીસ્ટ
૬ શ્રી. મગનલાલ ઝવેરચંદભાઇ દેસાઇ હોલસેલ ટી મર્ચન્ટ તથા મકાનદલાલ

### શ્રી. પોપટલાલ પાનાચંદ પાદરાવાળાની શુભ પ્રેરણાથી. ( વીરમગામ )

#### બે વરસ

૧ શ્રી. સાકરચંદ હઠીસીંગ દોશી
૨ શ્રી. મહાસુખભાઇ મણીલાલ શાહ

#### એક વરસ

૩ શ્રી. બાબુભાઇ ધનજીભાઇ શાહ
૪ શ્રી. પરભુદાસ છગનલાલ શાહ
૫ શ્રી. રતીલાલ અમૃતલાલ પટવા
૬ શ્રી. બુધાભાઇ ડોસાભાઈ શાહ
૭ શ્રી. ઉમેદચંદ ભુદરદાસ શાહ
૮ શ્રી. બાલચંદભાઈ મફતલાલ શાહ

## * "બુદ્ધિપ્રભા" ના માનદ્ પ્રચારકો *

૧ નાનાલાલ હીરાલાલ એન્ડ કું. એડન કેમ્પ

૨ સેવંતીલાલ ચીમનલાલ દાણી
૪૦/–અરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા.

૩ રમેશચંદ્ર ટી. શાહ, મહાત્મા ગાંધીરોડ, સીકંદરાબાદ

૪ નાનાલાલ ચીમનલાલ
શાહપુરી પેઠ, કોલ્હાપુર (મહારાષ્ટ્ર)

૫ રમણીકલાલ ચીમનલાલ દાણી. D. M. E.
જૈન સોસાયટી, પ્લોટ નં. ૧૪૭ બીજેમાળે, મુંબઈ-૨૨

૬ જયંતીલાલ લલ્લુભાઈ દલાલ, ૫૨-ચંપાગલી, મુંબઈ-૨

૭ રજનીકાન્ત ગીરધરલાલ
૫૫ શરીફ દેવજી સ્ટ્રીટ, ચોથે માળે, મુંબઈ-૩

૮ રમણીકલાલ ગીરધરલાલ, ખેતવાડી મેઈનરોડ,
કૃષ્ણભવન, યુનીઅન હાઈસ્કુલ સામે, મુંબઈ-૪

૯ ચંદુલાલ જે. શાહ ખંભાતવાળા
૬૩/૬૭ ચકલા સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ-૩

૧૦ ગણેશ પરમાર
લ્હેરી મેનશન, કમલટોકીઝ સામે, મુંબઈ ૪

૧૧ પ્રકાશ જૈન ગારીઆધારકર
અહિંસાભવન નગરશેઠનો વંડો, અમદાવાદ.

૧૨ અમૃતલાલ સકરચંદ
રતનપોળ, ઝવેરીવાડમાં આંબલીપોળ. અમદાવાદ.

૧૩ ચંદુલાલ એમ. પરીખ, ગુસા પારેખની પોળ,
દેરાસર પાસેની ખડકીમાં, અમદાવાદ.

૧૪ રતીલાલ કેશવલાલ પ્રાંતીજવાળા
ધના સુતારની પોળ, અમદાવાદ.

૧૫ નાગરદાસ અમથલાલ (મહુડીવાળા)
૨૧/-જૈન સોસાયટી, એલીસબ્રીજ અમદાવાદ-૭

૧૬ રસીકલાલ હરીલાલભાઈ
૨૩-/જૈન મરચન્ટ સોસાયટી-અમદાવાદ-૭

૧૭ પ્રવીણચંદ્ર છોટાલાલ
જૈન દેરાસર પાસે, અમદાવાદ-૫ સાબરમતી.

૧૮ બાબુલાલ ચંદુલાલ, દીપકભુવન, જૈન દેરાસર પાસે,
મણીનગર અમદાવાદ-૮

૧૯ રસિકલાલ નગીનદાસ પાદરાવાળા,
વરસોડાની ચાલ, સાબરમતી, અમદાવાદ-૫

૨૦ સાગરગચ્છ કમીટીની પેઢી, સાણંદ.

૨૧ દલસુખભાઈ ગોવિંદજી મહેતા, સાણંદ

૨૨ કાંતિલાલ રાયચંદભાઈ મહેતા, સાણંદ

૨૩ શાંતિલાલ કેશવલાલ, દેવશાના પાડાની બહાર,
અનિલ વિલાસ, ત્રીજે માળે, અમદાવાદ.

૨૪ જશવંતલાલ ગીરધરલાલ શાહ
C/o જૈન પ્રકાશન મંદિર, દોશીવાડાની પોળ અમદાવાદ

૨૫ પોપટલાલ પાનાચંદ, નવઘરી, પાદરા, (જી. વડોદરા)

૨૬ બાપુલાલ મોતીલાલ
વાસણના વહેપારી, કંસારા બજાર, નડીઆદ.

૨૭ શ્રી લલ્લુભાઈ રાયચંદ
C/o ભારત વાચ કું૰ સ્ટેશનરોડ, આણંદ

૨૮ મનુભાઈ ખીમચંદ આંકલાવ

૨૯ પોપટલાલ પાનાચંદ ગાંધી
બજારમાં, ધંધુકા (જી. અમદાવાદ)

૩૦ શ્રી મહાસુખલાલ અમૃતલાલ કારપટીયા
રાજકાવાડા, અલ્જી મહેતાનો પાડો, પાટણ (ઉ. ગુ.

૩૧ ભોગીલાલ અમથાલાલ વખારીયા
C/o શ્રીમદ્બુદ્ધિસાગરસૂરી
જૈન જ્ઞાન મંદિર, વીજાપુર (ઉ. ગુ.)

૩૨ ડો. બાબુભાઈ મગનલાલ
પીલગંજરોડ, મહેસાણા (ઉ. ગુ.)

૩૩ પારિ ન્યાલચંદ ડાહ્યાભાઈ, શિયાણી. લિંમડી થઈ

૩૪ ભોગીલાલ નરોતમદાસ ધોલેરાવાળા
C/o. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી
જૈન દેરાસર, સુરેન્દ્રનગર

૩૫ દીનકરરાવ મોહનલાલ, ધોબીશેરી, શિહોર (સૌરાષ્ટ્ર)

૩૬ નગીનદાસ જસરાજ, જીવનનિવાસ, પાલિતાણા

૩૭ જેસંગલાલ લક્ષ્મીચંદ, ગઢ (જી. બનાસકાંઠા)

૩૮ માનચંદ દીપચંદ ૧૬૫૦/ શુક્રવાર પેઠ પુના-૨

૩૯ હસમુખભાઈ રાયચંદ, શીયાપુર ઘર નં.૧૪૦, વડોદરા

૪૦ ચતુરદાસ ભીખાભાઈ વટાદરા

૪૧ ચીમનલાલ રતનચંદ સાંડસા
રાજપુર ડીસા) જી. બનાસકાંઠા

૪૨ રમણલાલ જેચંદભાઈ, કાપડ બજાર, કપડવંજ

૪૩ હરગોવિંદદાસ સંપ્રીતદાસ (અધ્યાપક)
શ્રી અભયદેવસૂરિ જ્ઞાનમંદિર, કપડવંજ.

૪૪ મનુભાઈ માણેકલાલ, આંત્રોલી.

૪૫ શ્રી. ગીરધરલાલ મંગળદાસ શાહ
જૈન ભોજનશાળા, **માતર**. જી. ખેડા.

૪૬ શ્રી. નટવરલાલ માધવજી શાહ
જુની દરજી બજાર, રાજકોટ.

૪૭ શ્રી. રમણલાલ રતીલાલ પટવા
આણંદીઆની ખડકી, વીરમગામ.

# ચાલુ સફરે..........

## શું આપ "બુદ્ધિપ્રભા" ના ગ્રાહક બન્યા ?

જો ન બન્યા હોય તો આજે જ ગ્રાહક સભ્ય તરીકે નામ નોંધાવો.

"બુધ્ધિપ્રભા" એટલે શ્રી ૧૦૮ ગ્રંથપ્રણેતા યોગવિજેતા મહાન વિભૂતિ અધ્યાત્મજ્ઞાનદિવાકર શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરીશ્વરજીની વિચારધારા વહેતું કરતું સામયિક.

"બુધ્ધિપ્રભા" એટલે સરળને સુબોધ ભાષામાં જૈન ધર્મની ફીલસુફી સમજાવતું માસિક.

"બુધ્ધિપ્રભા', એટલે યુગબળ સાથે દોડતું વાંચન'

એ ગંભીર તત્વજ્ઞાન પીરસે છે. એ સમાજ ધર્મ, સેવા. વિ૦ના સવાલોની તટસ્થ ચર્ચા કરે છે. એ દર અંકે સાહિત્યરોચક વાર્તાઓ વંચાવે છે. અને નવીન શૈલીથી ભાષાની ઝમક રજુ કરતી ચિંતનકણિકાઓ બેમાં આવે છે. જયોતિર્ધરોનાં સંક્ષિપ્તમાં જીવન આલેખી અંજલીઓ અર્પે છે. એ શાશનના સમાચાર તમને જણાવે છે, અને વરસમાં ત્રણ ત્રણ વિશેષાંકો આપે છે.

માત્ર એકજ વરસમાં એણે અઢી હજાર ઘરોનું ઉદ્ઘાટન કરવા સાથે પોતાનું સ્થાન જમાવ્યું છે. અને કુટુંબીઓના અંતરમાં પ્રકાશ પાથર્યો છે.

**"બુદ્ધિપ્રભા" એટલે જ્ઞાનની ગંગા**

**"બુદ્ધિપ્રભા" એટલે જીવનનૈયાને ભરાકીનારો બતાવતી દીવાદાંડી**

આ બધું છતાં લવાજમ તેમજ જાહેર ખબરના ચાર્જ જ્ઞાનપ્રચારના હેતુથી ઘણાજ ઓછા રાખવામાં આવેલ છે.

પાંચ વરસના ગ્રાહકના રૂા. ૧૧ : ૦૦ બે વરસના ગ્રાહકના રૂા. ૫ : ૦૦

ત્રણ " " રૂા. ૭ : ૦૦ એક " " **માત્ર અઢી રૂપિયા**

## જાહેર ખબરના ભાવ

| | વાર્ષિક | છ માસિક | ત્રિમાસિક | માસિક |
|---|---|---|---|---|
| ટાઇટલ પેજ ચોથું:- | ૩૨૫ | ૧૭૫ | ૧૦૦ | ૩૫ |
| " પેજ ત્રીજું :— | ૨૫૦ | ૧૩૦ | ૭૦ | ૨૫ |
| ૧ | ૧૭૫ | ૧૦૦ | ૬૦ | ૨૦ |
| ૧/૨ | ૧૦૦ | ૬૦ | ૩૫ | ૧૫ |
| ૧/૪ | ૬૦ | ૩૫ | ૨૦ | ૮ |
| ૧/૮ | ૩૫ | ૨૦ | ૧૨ | ૫ |

વધુ વિગત માટે લખો :—

**શ્રી. તંત્રીઓ, "બુદ્ધિપ્રભા" કાર્યાલય,**

**દાદા સાહેબની પોળ, ખંભાત.**

આ માસિક માણેકલાલ હરજીવનદાસ શાહે "ગુજરાત ટાઇમ્સ" પ્રિન્ટીંગ પ્રેસ નડીઆદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુધ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ છોટાલાલે ત્રણ દરવાજા ખંભાતમાંથી પ્રગટ કર્યું.